Jigar Publications
VADODARA REGION CHEMICAL COMPANY DIRECTORY 2025
We are preparing Nandesari Industries Association directory Include Nandesari, Padra, Karakhadi - Dudhwada, Savli & Manjusar Chemical Estate.
Contact For Advertisement
Mob: +91 99989 80519
nandesaridirectory@gmail.com



# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL

(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 17 ISSUE : 24 DATE: 16- 03 -2026 (વિક્રમ સંવત ૨૦૮૨ ફાગણ વદ બારસ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026


# દહેજ સ્થિત ક્રિસ્ટલ ઈન્ગ્રેડિઅન્ટ પ્લાન્ટમાં નવી પ્રોડક્ટનું ઉત્પાદન શરૂ

મુંબઈ સ્થિત સ્પેશિયાલિટી ઈન્ગ્રેડિયન્ટ્સ ઉત્પાદક કંપનીGem Aromatics એ જાહેરાત કરી છે કે તેની સંપૂર્ણ માલિકીની સહાયક કંપની ક્રિસ્ટલ ઈન્ગ્રેડિઅન્ટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા દહેજ ખાતે સ્થિત નવી ગ્રીનફિલ્ડ મેન્યુફેક્ચરિંગ સુવિધામાં વધારાના ઉત્પાદનોનું વ્યાવસાયિક ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું છે. આ નવા ઉત્પાદનોમાં GEM Cool 5’ (કૂલિંગ એજન્ટ) અને Safranal (સિટ્રલ ડેરિવેટિવ્સ) નો સમાવેશ થાય છે.

કંપનીએ સ્ટોક એક્સચેન્જમાં કરેલી માહિતી મુજબ MEHQ (Monomethyl Ether of Hydroquinone) માટેના કેટાલિસ્ટના ઉત્પાદનનું કામ આયોજન મુજબ આગળ વધી રહ્યું છે અને તે નાણાકીય વર્ષ ૨૦૨૬ ના ચોથા ત્રિમાસિક ગાળા સુધી પૂર્ણ થવાની સંભાવના છે.

ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં ક્રિસ્ટલ ઈન્ગ્રેડિઅન્ટએ દહેજ પ્લાન્ટમાંકૂલિંગ એજન્ટ્સ (WS-23 અને WS-03) તેમજ લવિંગ આધારિત ઉત્પાદનો (Clove Oil અને Eugenol) નું વ્યાવસાયિક ઉત્પાદન શરૂ કર્યું હતું.

સિન્થેટિક કૂલિંગ એજન્ટ્સ પરંપરાગત મિથેનોલ ની સરખામણીએ વધુ તીવ્ર અને સ્વચ્છ ઠંડકની અનુભૂતિ આપે છે અને તેમાં મિન્ટ જેવા તીવ્ર સ્વાદ નથી હોતાં. તેથી તે ઓરલ કેર, ખાદ્યપદાર્થો અને કોસ્મેટિક્સ ક્ષેત્રોમાં ખૂબ લોકપ્રિય બની રહ્યા છે.

કંપનીએ અગાઉ જણાવ્યું હતું કે નવી સુવિધા તેના મિન્ટ ડેરિવેટિવ્સથી આગળ વધી વધુ મૂલ્યવાળા સ્પેશિયાલિટી ઈન્ગ્રેડિયન્ટ્સમાં વિવિધતા લાવવાની વ્યૂહરચનાને સમર્થન આપે છે.

Gem Aromatics હાલમાં ઉત્તર પ્રદેશ, ગુજરાત અને દમણ-દિયુ ખાતે ત્રણ ઉત્પાદન એકમો ચલાવે છે. કંપનીની કુલ સ્થાપિત ક્ષમતા૬,૯૪૬ મેટ્રિક ટન પ્રતિ વર્ષ (MTPA) છે અને દહેજ પ્લાન્ટમાં વધારાની ૯,૨૨૯ MTPA ક્ષમતાનો પાયલોટ રન ચાલી રહ્યો છે, જ્યાં મોટા પ્રમાણમાં વિસ્તરણનું કામ પણ ચાલુ છે. કંપનીના પોર્ટફોલિયોમાં ૮૦થી વધુ ઉત્પાદનો સામેલ છે, જેમાં મિન્ટ અને તેના ડેરિવેટિવ્સ, લવિંગ અને તેના ડેરિવેટિવ્સ તેમજ અન્ય સિન્થેટિક અને કુદરતી ઈન્ગ્રેડિયન્ટ્સનો સમાવેશ થાય છે.

કંપનીએ વધુમાં જણાવ્યું કે યુરોપિયન યુનિયન સાથે પ્રસ્તાવિત FTA અને અમેરિકા દ્વારા ટેરિફમાં ઘટાડા પછી નિકાસની માંગમાં ફરી વધારો જોવા મળ્યો છે.

કંપનીએ એક પ્રેસ નોટમાં જણાવ્યું કે “અમેરિકામાં ભારતીય માલ ઉપર ઊંચા ટેરિફને કારણે જે ઓર્ડર્સ અગાઉ વિલંબિત થયા હતા, તે હવે ધીમે ધીમે ફરી શરૂ થઈ રહ્યા છે. ગ્રાહકોની પૂછપરછમાં વધારો થઈ રહ્યો છે અને તે હવે હકીકતમાં વ્યવસાયિક ઓર્ડર્સમાં પરિવર્તિત થઈ રહ્યા છે. આ સકારાત્મક પરિસ્થિતિને અનુરૂપ કંપનીને અમેરિકા અને યુરોપના ગ્રાહકો પાસેથી કુલ મળીને આશરે ૧ મિલિયન ડોલરના નિકાસ ઓર્ડર્સ મળ્યા છે.”

આ વિકાસ અંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અને CEO શ્રી યશ વિપુલ પારેખએ જણાવ્યું કે “અમેરિકા અને યુરોપમાંથી મળેલા નવા નિકાસ ઓર્ડર્સ વૈશ્વિક વેપાર પરિસ્થિતિમાં સુધારો દર્શાવે છે. ટેરિફ સંબંધિત અવરોધોમાં ઘટાડો થવાને કારણે અગાઉ મુલતવી રહેલી માંગ હવે ધીમે ધીમે પાછી આવી રહી છે. ગ્રાહકોની પૂછપરછ સતત વધી રહી છે અને તેમાંના ઘણા ઓર્ડર્સ હવે દૃઢ વ્યાપારિક કરારોમાં બદલાઈ રહ્યા છે. ‘GEM Cool 5’ અને ‘Safranal’ જેવા નવા ઉત્પાદનો અમારા પ્રોડક્ટ પોર્ટફોલિયોને વધુ વૈવિધ્યપૂર્ણ બનાવશે અને વિવિધ બજારોમાં ગ્રાહકોને વધુ સારો વિકલ્પ આપશે. અમે દેશી તેમજ આંતરરાષ્ટ્રીય ગ્રાહકોની વધતી જરૂરિયાતોને પૂરી કરવા માટે સારી સ્થિતિમાં છીએ અને અમારા તમામ સ્ટેકહોલ્ડર્સ માટે લાંબા ગાળાનું મૂલ્ય સર્જવા માટે પ્રતિબદ્ધ છીએ.”


M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485





# બોરોસીલ ભરૂચ જિલ્લામાં ૪૨ કરોડના ખર્ચે નવી ગ્લાસવેર ફેસિલિટી સ્થાપશે, જયપુરમાં ફર્નેસ ક્ષમતા વધારશે

બોરોસીલે જણાવ્યું કે તેની બોર્ડે ગુજરાતના ભરૂચ ખાતે નવી ગ્લાસવેર ઉત્પાદન સુવિધા સ્થાપવાની તેમજ રાજસ્થાનના જયપુર સ્થિત પ્લાન્ટમાં બોરોસિલિકેટ ગ્લાસ ફર્નેસની ક્ષમતા વધારવાની યોજના મંજૂર કરી છે.

કંપની ભરૂચમાં નવી સુવિધા સ્થાપવા માટે રૂપિયા ૪૨ કરોડનું રોકાણ કરશે. જરૂરી મંજૂરીઓ મળ્યા બાદ ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં વ્યાવસાયિક ઉત્પાદન શરૂ થવાની સંભાવના છે. આ પ્લાન્ટમાં સ્ટોરેજ જાર, ગ્લાસ બોટલ અને ગ્લાસ જગર જેવા વિવિધ ગ્લાસવેર ઉત્પાદનો બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ માટેનું ભંડોળ કંપનીના આંતરિક સ્રોતોથી પૂરું પાડવામાં આવશે.

કંપનીએ જણાવ્યું કે આ કેટેગરીના ઘણા ગ્લાસવેર ઉત્પાદનો હાલમાં ઝઘડીયા રોડ પાર કપલસાડી ખાતે આવેલ બોરોસીલ સાયન્ટીફીક લિમિટેડની ફેક્ટરીમાંથી મેળવવામાં આવે છે અને આ ઉત્પાદનો માટે બજારમાં માંગ મજબૂત અને સતત વધી રહી છે. તેથી નવી યુનિટમાં મોટા પાયે ઉત્પાદન માટે સમર્પિત પ્રોડક્શન લાઈનો સ્થાપવામાં આવશે જેથી વધતી માંગને પૂરી કરી શકાય.

આ ઉપરાંત બોર્ડે જયપુર પ્લાન્ટમાં પ્રેસવેર ઉત્પાદનો માટે બોરોસિલિકેટ ગ્લાસ ફર્નેસની ક્ષમતા વધારવાની મંજૂરી પણ આપી છે. હાલમાં કંપની ત્યાં દરરોજ ૨૫ ટન (TPD) ક્ષમતા ધરાવતી ફર્નેસ સાથે બે ફોર્મિંગ લાઈનો ચલાવે છે, જેમાં લગભગ ૯૦ ટકા ક્ષમતાનો ઉપયોગ થાય છે.

કંપનીએ જણાવ્યું કે આ ક્ષમતા વધારાથી હાલની ઉત્પાદન અડચણો દૂર થશે, નવા ઉત્પાદનોના વિકાસ અને પ્રોડક્ટ પોર્ટફોલિયોના વિસ્તરણને સહારો મળશે તથા ફર્નેસના ઉપયોગ અને કામગીરીની કાર્યક્ષમતા સુધરશે. સાથે જ ઉત્પાદન ખર્ચ ઘટાડવામાં અને સ્પર્ધાત્મકતા વધારવામાં પણ મદદ મળશે.

આ ઉપરાંત કંપનીએ ૧૧ માર્ચે સ્ટોક એક્સચેન્જને જાણ કરી હતી કે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધને કારણે બનેલી ફોર્સ મેજ્યોર પરિસ્થિતિનો ઉલ્લેખ કરીને તેલ માર્કેટિંગ કંપનીઓએ એલપીજી પુરવઠા પર મર્યાદા મૂકી છે. પરિણામે કંપનીએ જયપુર ફર્નેસમાં ઉત્પાદન તાત્કાલિક બંધ કર્યું છે અને તેના ઓપલ ગ્લાસ ફર્નેસના ઓપરેશન્સમાં પણ ઘટાડો કર્યો છે.













# સંગ્રહખોરી અને માગમાં વધારો થવાને કારણે મુખ્ય દવાઓના ભાવ વધતા ફાર્મા ઈન્ડસ્ટ્રીઝને ફાયદો થવાની સંભાવના

મધ્ય પૂર્વમાં વણસી રહેલી યુદ્ધની સ્થિતિને કારણે ગભરાટ ફેલાતાં આવશ્યક દવાઓની સંગ્રહખોરી અને વધતી માગને કારણે દવાના ભાવ વધવાની શક્યતા ઉદ્યોગ નિષ્ણાતોએ વ્યક્ત કરી છે. મધ્ય પૂર્વમાં કાર્યરત ભારતીય ફાર્મા કંપનીઓ પરિસ્થિતિ પર નજર રાખી રહી છે. તકલીફના સમયમાં સંગ્રહખોરી તે માનવ સ્વભાવ છે.

ઉદ્યોગ નિષ્ણાતોએ જણાવ્યું કે આનાથી વિશ્વના સૌથી મોટા જેનેરિક દવા સપ્લાયર્સ, ભારતીય ફાર્માસ્યુટિકલ ઉત્પાદકોને ફાયદો થઈ શકે છે. ફાર્માસ્યુટિકલ્સ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (ફાર્મેક્સિલ)ના ચેરમેન નમિત જોશીએ જણાવ્યું કે, 'કિંમતોમાં વધારો થવાની સંભાવના વધારે છે.' ફાર્મેક્સિલ ડેટા અનુસાર, ગલ્ફ કો-ઓપેરશન કાઉન્સિલ (જીસીસી) દેશો ભારતીય નિકાસમાં ૫.૫૮ ટકા હિસ્સો ધરાવે છે. તેમના તાજેતરના ડેટા દર્શાવે છે કે મધ્ય પૂર્વ વેસ્ટ એશિયા, નોર્થ આફ્રિકા (ડબલ્યુએએનએ પ્રદેશ)માં ભારતીય દવાઓની કુલ નિકાસનું મૂલ્ય નાણાવર્ષ ૨૦૨૧માં ૧૩૨૦.૪૪ મિલિયન ડૉલર હતું તેનાથી વધીને નાણા વર્ષ ૨૦૨૫માં ૧૭૪૯.૬૮ મિલિયન ડૉલર થઈ ગયું છે.

યુએઈ, સાઉદી અરેબિયા, ઓમાન, કુવૈત અને યમન જેવાં મુખ્ય બજારો સસ્તી દવાઓ અને જેનેરિક ફોર્મ્યુલેશન માટે ભારત પર અત્યંત નિર્ભર છે. ફાર્મેક્સિલ ડેટા જોર્ડન, કુવૈત અને લિબિયા જેવાં ઉભરતા બજારોમાં અને રસીઓ, સર્જિકલ ઉત્પાદનો અને આયુષ ફોર્મ્યુલેશન જેવી ઉત્પાદન શ્રેણીઓમાં નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવે છે.

ડૉ. રેડ્ડીઝ, બાયોકોન, લ્યુપિન, સિપ્લા અને સન ફાર્મા જેવી વિવિધ ભારતીય કંપનીઓ આ પ્રદેશમાં કાર્યરત છે. વર્તમાન યુદ્ધની પરિસ્થિતિને કારણે ટ્રોમા કેર દવાઓ, એન્ટિબાયોટિક્સ, પીડાનાશક દવાઓ અને હઠીલા રોગોની દવાઓ સહિત આવશ્યક દવાઓની માગમાં વધારો થવાની સંભાવના છે.

જોશીએ જણાવ્યું કે આવી પરિસ્થિતિઓમાં બે શ્રેણીઓમાં માગ વધે છે. 'લોકો હૃદય અથવા મેટાબોલિક ડિસઓર્ડર જેવી હઠીલી બીમારીઓ માટે બનાવાયેલ દવાઓનો સંગ્રહ કરવાનો પ્રયાસ કરે છે, બીજા શબ્દોમાં કહીએ તો હૃદય, ફેફસાં અને ડાયાબિટીસ સંબંધિત દવાઓની માગ વધે છે. બીજી શ્રેણી એક્યુટ થેરેપી છે, જેમાં એન્ટિબાયોટિક્સ અને પેઈનકિલર્સ જેવી દવાઓનો સમાવેશ થાય છે જેમાં લોકલ મલમ, પાટા, કોટન, આઈસોપ્રોપીલ, આલ્કોહોલ અને અન્ય ઘા રૂઝાવતી દવાઓનો સમાવેશ થાય છે.'' ફાર્મેક્સિલના ભૂતપૂર્વ ચેરમેન દિનેશ દુઆએ જણાવ્યું કે, માગ ઉપર અસર એકાદ સપ્તાહ સુધીમાં જોવા મળશે.

તેમણે કહ્યું કે, 'ભારતીય દવાની નિકાસમાં કામચલાઉ વિક્ષેપ અનુભવાઈ શકે છે પરંતુ જો યુદ્ધ થોડા સપ્તાહ વધુ લંબાય અને સરકારો દવાઓનો સંગ્રહ કરવાનું શરૂ કરે તો સંભવિત રીતે એકંદર માગમાં વધારો થઈ શકે છે.' દુઆએ કહ્યું કે ભારતીય કંપનીઓ માગમાં વધારાને પહોંચી વળવા ઉત્પાદન અને નિકાસમાં વધારો કરી શકે તો તેમને ફાયદો થઈ શકે છે. તેમણે કહ્યું કે ઈરાન, ઈરાક અથવા સીરિયા સાથે વ્યવહાર કરતા નિકાસકારોને વિલંબિત ચુકવણી અથવા ચલણના સમાધાનની સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

ઈઝરાયલ ભારતમાંથી જથ્થાબંધ દવાઓ અને ઈન્ટરમિડિએટ્સ આયાત કરે છે, જયારે ઈરાન જેનેરિકનો ખરીદનાર છે. દુઆએ કહ્યું કે, 'યુદ્ધના વિક્ષેપને કારણે શિપમેન્ટમાં વિલંબ થઈ શકે છે અથવા નિયમનકારી સહયોગમાં અડચણ આવી શકે છે. આફ્રિકા અને ગલ્ફમાં દવાઓ માટે દુબઈ પ્રાદેશિક રિ-એક્સપોર્ટ કેન્દ્ર તરીકે કાર્ય કરે છે. તેથી ત્યાં કાર્ગોમાં કોઈપણ વિક્ષેપ સેકન્ડરી નિકાસ અને જથ્થાની હેરફેરને અસર કરે છે.' જોશીના મતે મોટો પ્રશ્ન એ છે કે ભારત આ પરિસ્થિતિનો લાભ લઈ શકશે કે નહીં.

## તંત્રીલેખ

## ક્લાઈમેટ ચેન્જ

આ વખતે નવેમ્બર ૨૦૨૫થી કોઈ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ થયું નથી. તેના કારણે ઠંડક લાંબો સમય ટકી નહીં અને ગરમી શરૂ થતાં જ આકરી થવા લાગી. આ વખતે માર્ચ મહિનાથી અહીંયા સાવ ગરમ અને શુષ્ક હવા ચાલી રહી છે. આ હવા રાજસ્થાન, ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા અને અન્ય કેટલાક ભાગમાં ગરમીમાં સતત વધારો કરી રહી છે : ગુજરાતના વલ્લભવિદ્યાનગર, અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરેન્દ્રનગર, સુરત અને મહારાષ્ટ્રના અકોલામાં તાપમાન ૪૧.૨ ડિગ્રી નોંધાયું હતું. બીજી તરફ મહારાષ્ટ્રના નંદુરબારમાં દેશનું સૌથી વધારે તાપમાન ૪૨.૪ ડિગ્રી નોંધાયું હતું. આ તમામ વિસ્તારોમાં માર્ચથી મે મહિના સુધી લોકોને સિવિયર હિટવેવની ચેતવણી આપવામાં આવી છે : જાણકારોના મતે માર્ચથી મે સુધીમાં પશ્ચિમી રાજસ્થાન, ગુજરાત, હરિયાણા, પંજાબ, દક્ષિણ અને પૂર્વ મહારાષ્ટ્ર, પૂર્વ ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળના ઘણા વિસ્તારો, ઓડિશા, છત્તીસગઢ, તેલંગણા, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, કેરળ, તમિલનાડુના કેટલાક ભાગમાં આ વખતે વ્યાપક ગરમી પડશે ભારતમાં આ વખતે ઉનાળાની શરૂઆત જ ખૂબ જ આકરી થઈ છે. હજી તો માર્ચના દસ-બાર દિવસ ગયા છે ત્યાં ગરમી ૪૦ ડિગ્રીને પાર થવા લાગી છે. દેશના ઉત્તર-પશ્ચિમના રાજ્યોના શહેરોના સરેરાશ તાપમાનમાં એકાએક ૧૦ થી ૧૫ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. તાજેતરની જ વાત કરીએ તો મુંબઈ, દિલ્હીમાં પારો ૪૦ ડિગ્રીને પાર જઈ આવ્યો. બીજી તરફ ગુજરાતના પણ અનેક શહેરોમાં સરેરાશ તાપમાન ૩૯-૪૦ ડિગ્રીની આસપાસ રહે છે. રાજસ્થાનમાં તો અત્યારથી ૪૦ ડિગ્રીનો અનુભવ થઈ રહ્યો છે. આ સિવાય ગોવા, મધ્યપ્રદેશમાં પણ ભયાનક ગરમી પડી રહી છે. ગત અઠવાડિયે દિલ્હીમાં રાતનું તાપમાન ૩૬ ડિગ્રી હતું જે છેલ્લાં ૫૦ વર્ષનું સૌથી વધારે તાપમાન નોંધાયું હતું. આ તાપમાન વધવા પાછળ ઘણા કારણો છે છતાં જાણકારો સૌથી મોટું કારણ તો ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જને જ ગણાવે છે.જાણકારોના મતે છેલ્લાં કેટલાક વર્ષોમાં પૃથ્વી ઉપર પ્રદુષણનું પ્રમાણ અસહ્ય, અકલ્પનિય રીતે વધ્યું છે. તેના કારણે ગ્લોબલ વોર્મિંગની સ્થિત સર્જાઈ છે. દુનિયાભરના દેશોમાં ક્લાઈમેટ ચેન્જ જોવા મળી રહ્યા છે. અનેક દેશોના ઋતુચક્રોમાં વ્યાપક ફેરફાર આવી રહ્યો છે. આ વખતે ઘણા દેશોમાં શિયાળો જામ્યો જ નથી. જોઈએ તે પ્રમાણે બરફ પડયો જ નથી. બીજી તરફ અમેરિકા અને રશિયા જેવા દેશોમાં શિયાળો જતા જતા કેર વર્તાવી ગયો હતો. અનેક વિસ્તારોમાં ભીષણ સ્નોસ્ટોર્મ પણ આવ્યા હતા.

## કેરળના BPCL કોચી રિફાઈનરી ખાતે વડાપ્રધાને ૫૫૧૪ કરોડના ખર્ચે તૈયાર થનાર PP પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેરળમાં આવેલી ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લીમીટેડ (BPCL) ની કોચી રિફાઈનરી ખાતે રૂપિયા ૫,૫૧૪ કરોડના પોલીપ્રોપિલિન (PP) પ્લાન્ટનો શિલાન્યાસ કર્યો.

ઓક્ટોબર ૨૦૨૭ સુધી પૂર્ણ થનાર આ ૪૦૦ કિલોટન પ્રતિ વર્ષ ક્ષમતા ધરાવતી યુનિટ આયાતમાં ઘટાડો લાવવા, દેશની પોલીમર ઉત્પાદન ક્ષમતા મજબૂત બનાવવા અને ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગોના વિકાસને પ્રોત્સાહન આપવા માટે મદદરૂપ બનશે.

આ સુવિધામાં ડબલ્યુ. આર. ગ્રેસ એન્ડ કંપની દ્વારા વિકસિત Unipol ટેક્નોલોજીનો ઉપયોગ કરીને હોમોપોલિમર પોલીપ્રોપીલિનના છ ગ્રેડનું ઉત્પાદન કરવામાં આવશે. આ ઉત્પાદન પેકેજિંગ ઉત્પાદકો, ઓટોમોટિવ ભાગ બનાવનાર કંપનીઓ, મેડિકલ ડિવાઇસ ઉત્પાદકો, હોમ એપ્લાયન્સ બ્રાન્ડ્સ તેમજ MSME ક્ષેત્રને પૂરો પાડવામાં આવશે.

રિફાઈનરીની બાજુમાં ડાઉનસ્ટ્રીમ પોલિમર પ્રોસેસર્સ અને ઉત્પાદકોને આકર્ષવા માટે Kerala Industrial Infrastructure Development Corporation (KINFRA) દ્વારા એક પેટ્રોકેમિકલ પાર્ક વિકસાવવામાં આવી રહ્યો છે.

કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રીએ જણાવ્યું કે પેટ્રોલિયમ કંપનીઓનું સતત આધુનિકીકરણ દેશના વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે PP પ્લાન્ટને ભારતના પેટ્રોકેમિકલ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા અને ''આત્મનિર્ભર ભારત'' મિશનને આગળ વધારવા માટે એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન ગણાવ્યો.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ રાજ્યમંત્રી તથા પર્યટન મંત્રી Suresh Gopi એ જણાવ્યું કે આ પ્રોજેક્ટથી પ્રદેશના ઔદ્યોગિક આધારને મજબૂતી મળશે અને નોંધપાત્ર રોજગાર તકો ઊભી થશે.

આ કાર્યક્રમ દરમિયાન રેલવે, હાઈવે અને ગ્રામ વિકાસ મંત્રાલય હેઠળના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન પણ કરવામાં આવ્યું.

# યુદ્ધને લીધે ગુજરાતમાં પ્લાસ્ટિકની અછત ઉભી થઈ છે

ઈઝરાઈલ-અમેરિકાનું ઈરાન સાથેનું યુદ્ધ કેટલું લાબું ચાલશે તેનો કોઈ અંદાજ લગાવી શકતા નથી. દિવસે દિવસે તે વધારે ગંભીર બનતું જાય રહ્યું છે. તેની અસર બધે જ વર્તાઈ રહી છે. આ પરિસ્થિતિમાં ઘણા ઉદ્યોગોને તેની આડઅસર થઈ રહી છે. ત્યારે તવે ગુજરાતમાં પ્લાસ્ટિક માટેનું રો-મટિરિયલ ખૂટી પડતાં પ્લાસ્ટિકના ઉત્પાદન પર તેની માઠી અસર પડી છે. ઉનાળો શરૂ થઈ રહ્યો છે ત્યારે ખુબ મોટા પ્રમાણમાં વેચાતી વેચાતી પ્લાસ્ટિકની બોટલો બનાવવાનો ઉદ્યોગ રો મટિરિયલની અછતને લઈને મંદ પડી ગયો છે. માટે પેકટ વોટર બોટલના હોલસેલના ભાવ વધી ગયા છે. ઉત્પાદકોની ફરિયાદ છે કે બોટલ અને તેના પરના સ્ટીકર બનાવવા માટેનું રો મટિરિયલ પોલી પ્રોપલીન જે ૧૦૦ રૂપિયા કિલોના ભાવે મળતું હતું તે આજે ૨૦૦- ૨૨૦ રૂપિયે કિલો થઈ ગયું છે અને દરરોજ તેના ભાવમાં વધારો થઈ રહ્યો છે, જોકે કેટલાક લોકો આ પોલી પ્રોપલીનનો જથ્થો દબાવીને બેઠા છે અને આ પરિસ્થિતિમાં કૃત્રિમ અછત ઊભી કરી વધુ ભાવ વસૂલી રહ્યા હોવાની નાના વેપારીઓ ફરિયાદ કરી રહ્યા છે. સામાન્ય રીતે ક્રૂડમાંથી બનતા આ મટીરીયલ ઉપરાંત આયાત કરવામાં આવતા પ્લાસ્ટિકના દાણા (રો માટેરિયલ)ના મોટા જહાજ પણ મધ્ય દરિયે ફસાયા હોવાથી અછત વર્તાઈ રહી છે.

યુદ્ધને લઈને અખાતી ઈરાન અને અખાતી દેશોમાંથી આયાત કરવામાં આવતા ક્રૂડ ઓઈલની આયાત ઘટી જવાથી ઈંધણના ભાવ વધે તેવી શક્યતાઓ ઊભી થઈ હતી. જોકે તંત્ર દ્વારા ચોક્કસ સમય ચાલે તેટલું ઈંધણ હોવાની જાહેરાત કરાતાં ભાવ સ્થિર છે. જોકે જુદા જુદા મટીરીયલની અછત ઊભી થઈ રહી છે. ગુજરાતમાં પ્લાસ્ટિક અને તેના ઉત્પાદનોની ઘણી મોટી ઈન્ડસ્ટ્રી ધમધમી રહી છે. આ ઉત્પાદન માટે પ્લાસ્ટિકના દાણા અને પોલી પ્રોપલીન મટિરિયલ પાયાની જરૂરિયાત છે. વર્તમાન સમયમાં ગુજરાતના બજારમાં પોલી પ્રોપલીન મટિરિયલની અછત ઊભી થઈ ગઈ છે, જેને કારલે પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રી મુશ્કેલીમાં મુકાઈ છે.

મળતી માહિતી મુજબ પોલી પ્રોપલીન જે બજારમાં ૧૦૦ રૂપિયા કિલો મળતું હતું તેના ભાવ ૨૦૦-૨૨૦ થઈ ગયા છે. આટલા રૂપિયા આપવા છતાં મટિરિયલ મળે તેની કોઈ જ ગેરંટી નથી. માટે ઉત્પાદકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. પ્લાસ્ટિકની બોટલ કે અન્ય તમામ ઉત્પાદનો માટે જે નાના ઉદ્યોગપતિઓએ એડવાન્સ લઈને ઓર્ડર લીધા હોય તેઓ હવે આ ઓર્ડર પૂરા કરી શકે તેમ નથી. ઘણાં વેપારીઓએ ઓર્ડર કેન્સલ કરી એડવાન્સ પરત કરી દીધા છે.

સામાન્ય રીતે ઉનાળાની સિઝનમાં પાણીની બોટલની માગ પાંચ-સાત ગણી થઈ જતી હોય છે. ત્યારે પાણીની બોટલોના ઉત્પાદકો પાસે પાણીની બોટલ અને તેના પર લગાવવાના સ્ટીકર માટેનું મટિરિયલ ખૂટી પડ્યું છે.

હાલ પાણીની બોટલ બનાવવી મુશ્કેલ બની રહી છે. જે રો મટિરિયલ નહીં - મળી શકે તો આગામી દિવસોમાં ઘણી મુશ્કેલી ઊભી થઈ શકે છે.

## ક્રૂડ ઓઈલ આયાતમાં ઘટાડો કરવાના આશયથી સરકારે એપ્રિલથી ૨૦% ઈથેનોલ મિશ્રિત પેટ્રોલના વેચાણને ફરજિયાત બનાવ્યું છે

અત્યારે ખાદી દેશોમાં યુદ્ધના માહોલને લઈને ક્રૂડ ઓઈલનો પ્રશ્ન ધાર સંકટ બની ગયો છે. સરકાર પહેલેથી જ ક્રૂડ ઓઈલની આયાત ઘટાડવા માટે પ્રયાસ કરી રહી છે. જો કે ખાદી યુદ્ધ પહેલા જ સરકારે નિર્ણય લઈ લીધો હતો.

૧૭ ફેબ્રુઆરીના રોજ પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશન મુજબ, તેલ કંપનીઓને સૂચના આપવામાં આવી છે કે તેઓ ભારતીય ધોરણ બ્યુરો (BIS)ની સ્પેસિફિકેશન મુજબ ૨૦ ટકા સુધી ઈથેનોલ મિશ્રિત મોટર સ્પિરિટ (પેટ્રોલ) વેચે. આ પેટ્રોલમાં ન્યૂનતમ રિસર્ચ ઑક્ટેન નંબર (RON) ૯૫ હોવો જરૂરી રહેશે અને તેનો અમલ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કરવામાં આવશે.

સરકારનું આ પગલું ક્રૂડ ઓઈલની આયાત ઘટાડવા, પ્રદૂષણમાં ઘટાડો કરવા અને કૃષિ ક્ષેત્રમાં વધારાની ઉપજ માટે નવી માંગ ઉભી કરવા માટે લેવામાં આવ્યો છે. આથી દેશની ઊર્જા સુરક્ષા મજબૂત બનશે તેમજ ગ્રામ્ય આવકમાં વધારો થશે.

૨૦૨૩ પછી બનાવાયેલા વાહનો પહેલેથી જ ઈ૨૦ ઈંધણ પર ચલાવવા માટે ડિઝાઈન કરાયેલા છે, તેથી આ પરિવર્તન સરળ બનશે. જૂના મોડલના વાહનોમાં ૩ થી ૭ ટકા સુધી માઈલેજમાં થોડો ઘટાડો અને રબર અથવા પ્લાસ્ટિકના ભાગોમાં ઝડપથી ઘસારો થવાની શક્યતા છે, પરંતુ ઉચ્ચ ઑક્ટેન લેવલ એન્જિનને નુકસાનથી બચાવશે.

ન્યૂનતમ RON 95 રાખવાની શરત એન્જિનમાં થતી નૉકિંગ (knocking) સમસ્યા અટકાવવા માટે રાખવામાં આવી છે. નૉકિંગ ત્યારે થાય છે જ્યારે એન્જિનમાં ઈંધણ અસમાન રીતે બળે છે, જેના કારણે પિંગિંગ અવાજ, શક્તિમાં ઘટાડો અને લાંબા ગાળે એન્જિનને નુકસાન થઈ શકે છે. RON જેટલો વધુ હોય, ઈંધણ તેટલું નૉકિંગ સામે વધુ પ્રતિરોધક હોય છે.

ઈથેનોલનું ઑક્ટેન મૂલ્ય સ્વાભાવિક રીતે વધુ હોય છે (લગભગ RON 108). તેથી પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ મિશ્રણ કરવાથી ઈંધણની નૉકિંગ સામેની ક્ષમતા વધે છે.

આ નીતિ ભારતે ૨૦૨૨માં ૧૦ ટકા ઈથેનોલ મિશ્રણનું લક્ષ્ય સમય પહેલાં પ્રાપ્ત કર્યું તે સફળતા પર આધારિત છે. આ સિદ્ધિથી પ્રોત્સાહિત થઈ સરકારે ૨૦ ટકા મિશ્રણનું લક્ષ્ય ૨૦૩૦થી આગળ ધપાવીને ૨૦૨૫-૨૬ સુધી હાંસલ કરવાનો નિર્ણય લીધો. પેટ્રોલિયમ મંત્રાલય મુજબ ૨૦૧૪-૧૫થી ઈથેનોલના ઉપયોગને કારણે દેશમાં વિદેશી ચલણમાં ૧.૪૦ લાખ કરોડ રૂપિયા કરતાં વધુની બચત થઈ છે.

સરકારે ૧ એપ્રિલ ૨૦૨૬થી દેશભરમાં ૨૦ ટકા સુધી ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ (E20)ના વેચાણને ફરજિયાત બનાવ્યું છે.

## ગુજરાતમાં વાયુ પ્રદૂષણ અટકાવવા કેન્દ્રએ આપેલ ૭૧.૩૯ કરોડ રૂપિયા વપરાયા વગર પડી રહ્યા ને પ્રદૂષણ વધ્યું

ગુજરાતના વિવિધ શહેરોમાં વાયુ પ્રદુષણ સતત વધી રહ્યું છે. તેમાં અમદાવાદ, સુરત, રાજકોટ જેવા મોટા શહેરો તેમજ અંકલેશ્વર, વાપી જેવા ઈન્ડસ્ટ્રીઅલ શહેરોમાં વાયુ પ્રદુષણ સતત વધી રહ્યું છે. એમાંય ખાસ કરીને નવેમ્બરથી ફેબ્રુઆરી મહિનામાં ઠંડીની ઋતુમાં પ્રદુષણ સતત વધતું જાય છે. શિયાળામાં AQI (એર ક્વાલિટી ઈન્ડેક્સ) ૧૫૦થી ૨૫૦ પહોંચે છે. થાની વખત ૩૦૦ સુધી પણ પહોંચી જાય છે. જે માનવ સ્વાસ્થ્ય માટે ખરાબથી અતિખરાબની શ્રેણી છે. વિધાનસભામાં એક પ્રશ્નના જવાબમાં શહેરી વિકાસ મંત્રીએ છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાં વાયુ પ્રદુષણ અટકાવવા માટે ભારત સરકારે નેશનલ ક્લીન એર પ્રોગ્રામ હેઠળ ફાળવેલા ૭૧.૩૯ કરોડ રૂપિયા વણ વપરાયેલા પડી રહ્યાનું સ્વિકાર્યુ છે.

કોંગ્રેસના ધારાસભ્યે ડિસેમ્બર ૨૦૨૫ની સ્થિતિએ ભારત સરકારે રાજ્યમાં વાયુ પ્રદુષણ નિવારવા કેટલી રકમ ફાળવી તેની પૃચ્છા કરી હતી. જેના જવાબમાં મંત્રીએ વર્ષ ૨૦૨૪-૨૫માં૨૭૭.૪૨ કરોડ રૂપિયા અને વર્ષ ૨૫-૨૬માં ૧૯૭.૫૬ કરોડ રૂપિયા એમ કુલમળી૪૭૪.૯૮ કરોડ રૂપિયા ફાળવ્યાનું જણાવ્યું હતું. આ બંને વર્ષમાં અનુક્રમે ૧૯.૬૪ કરોડ રૂપિયા અને ૫૧.૭૨ કરોડ રૂપિયા મળીને ૭૧.૩૬ કરોડ રૂપિયા વપરાયા વગરના પડી રહ્યા છે. જો કે, મંત્રીએ વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૭ કામો પ્રગતિ હેઠળ હોવાથી ૧૯.૬૪ કરોડની રકમ વપરાયા વગરની પડી રહ્યાનું કારણ આપ્યુ છે. જ્યારે ચાલુ નાણાકીય વર્ષમાં પણ એ જ કારણ આપ્યુ છે.

કેન્દ્ર દ્વારા ક્લીન એર પોગ્રામ હેઠળ ફાળવાતી રકમ ધૂળ નિયંત્રણ માટે જેમાં રસ્તા પરની ઉડતી ધૂળને રોકવા વેક્યુમ મિકેનિકલ સ્વીપર મશીનો, પાણીના છંટકાવ અને ખુલ્લી જગ્યાઓને પેવિંગ કરવામાટે તેમજ ટ્રાફિક સંબંધિત ખર્ચમાં ઈંધણ ઉપયોગ વધારવા ચાર્જિંગ સ્ટેશનો, ટ્રાફિક જામ ઘટાડવા સ્માર્ટ મેનેજમેન્ટ, પબ્લિક ટ્રાન્સપોર્ટેશનમાં CNG-EV બસો વધારવા કરવામાં આવે છે. આ ઉપરાંત ગ્રીન કવરેજ માટે જેમાં ટ્રાફિક કોરિડોર-ઔધોગિક વિસ્તારોની આસપાસ વૃક્ષારોપણ, ગાર્ડન અને બાંધકામના કાટમાળનો નિકાલ, સધન મોનિટરીંગ કરવા વપરાય છે.

# ગુજરાત સરકાર દ્વારા આવશ્યક દવાઓમાં ૧૫૦નો ઉમેરો કરાયો તેમજ બિનજરૂરી ૫૭ દવા રદ કરવામાં આવી

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટેની આવશ્યક દવાઓની યાદી (EDL)માં નોંધપાત્ર વધારો કરાયો છે. ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિ. (GMSCL) દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ની ૧૩૮૬ દવાની સમીક્ષા કર્યા બાદ, ૧૫૦ નવી દવાનો ઉમેરો કરાયો છે. બિનજરૂરી ૫૭ દવા રદ કરવામાં આવી છે. જેના પરિણામે હવે આગામી વર્ષ માટે કુલ ૧૪૭૯ જેટલી સર્જિકલ અને ડાયગ્નોસ્ટિક સહિતની જરૂરી દવા દર્દીઓને સરળતાથી ઉપલબ્ધ બનશે. રાજ્યના છેવાડાના માનવી સુધી શ્રેષ્ઠતમ અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પહોંચાડવી એ રાજ્ય સરકારની -નૈતિક જવાબદારી છે. રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે દવાઓની -ખરીદી માટેઆવશ્યક દવાઓની યાદી (EDL)ને સુધારવામાં આવે છે. EDLમાં સમાવિષ્ટ આ પ્રત્યેક દવા અને સર્જિકલ આઈટમ રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોથી લઈને મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો સુધીના તમામ સ્તરે સસ્તા દરે પૂરી પડાશે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના એસેન્સિયલ ડ્રગ લિસ્ટમાં પ્રાથમિક કક્ષાની ૩૭૮ દવા, સેકન્ડરી કક્ષાની ૬૨૮ દવા અને ટર્સરી કક્ષાની ૧૪૭૫ દવાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગત વર્ષની સરખામણીએ જીવનરક્ષક દવાઓના ગ્રૂપમાં મોટો વધારો જોવા મળ્યો છે. એન્ટી-ઈન્ફેક્ટિવ મેડિસિન્સ ૨૦૨થી વધારીને ૨૧૬, શ્વસનતંત્રની દવાઓ ૨૯થી વધારીને ૪૦, આંખની દવા ૫૧થી વધારીને ૫૮, ગેસ્ટ્રો ઈન્ટેસ્ટાઈનલની દવા ૫૨થી વધારીને ૫૬ તેમજ મેડિકલ ડિવાઈસીસની સંખ્યા ૨૮૭થી વધારીને ૩૪૯ કરાઇ છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૫-૨૬ના EDLમાં હૃદયરોગની ૧૧૬, કેન્સરની ૫૬, ન્યૂરોલોજીકલ ડિસોર્ડર્સની ૭૫ અને માનસિક રોગોની ૪૩ દવાઓ સહિત અનેકવિધ દવાઓનો સમાવેશ કરાયો છે.

## સતત સંકટોને લીધે લઘુ ઉધોગોની સ્થિતી ખરાબ થઈ રહી છે


કોરોનથી શરુ થયેલી લઘુ ઉદ્યોગોની ડામાડોળ સ્થિતિ કોઈને કોઈ સંકટને લઈને વધારેને વધારે ખરાબ થઇ રહી છે. છેલ્લાં છ વર્ષથી વારંવાર કુદરતી અને માનવસર્જીત મહાસંકટો આવી રહ્યા હોવાથી જગતભરના અર્થતંત્રો ડામાડોળ થઇ ગયા છે. જોકે સૌથી વિપરિત અસર સૂક્ષ્મ, નાના અને મધ્યમ એકમો ઉપર પડી છે. અનેક ઉદ્યોગો કોરોના, રશિયા-યુક્રેન યુધ્ધ અને હવે અખાતી યુધ્ધના કારણે માંદા પડી ગયા છે. અમેરિકાની ભારેખમ ટેક્સ નીતિ પણ ઉદ્યોગો માટે કમરતોડ બની છે. અનેક ઉદ્યોગો બંધ થવાના રસ્તે છે. આવા સમયે સરકારે નાના ઉદ્યોગોને બચાવવાની જરૂર છે તેમ એસએમઈ ચેમ્બર ઓફ ઈન્ડિયાના ફાઉન્ડર પ્રમુખ અને મેન્યુફેક્ચરર્સ એન્ડ એક્સ્પોર્ટરસ એસોસિએશનના ચંદ્રકાંત સાલૂકેએ કહ્યું હતું.


તેમણે કહ્યું કે, એસએમઈ ખૂબ પરેશાન છે. અખાતી યુધ્ધને લીધે સિરામિક, ટેક્સટાઈલ, ઓટોમોબાઈલ, કિચનવેર, મિકેનીકલ અને એન્જિનીયરીંગના ક્ષેત્રમાં નાના અને મધ્યમ કદમાં જે લોકો કામકાજ કરે છે ત્યાં મુશ્કેલીઓ પડવા લાગી છે. ગેસ અને પેટ્રોલિયમની અછતથી બધા ધડાધડ ઉત્પાદન ઘટાડી રહ્યા છે કે બંધ કરી રહ્યા છે.

ઉત્પાદન ઘટાડવાના કે બંધ કરવાના સંજોગમાં અસંખ્ય કારીગરો-કામદારો બેકાર બની જવાની દહેશત છે. સરકારે કટોકટી નિવારણ માટે ચોક્કસ જાહેરાતો કરવી જોઈએ. કારણકે જો વેળાસર પગલાં નહીં લેવાય તો ઘણા એસએમઈ એનપીએ થઇ ગયા હશે.

સરકાર કહે છે, વીસ કે પચ્ચીસ દિવસ સુધી ચાલે તેટલો પુરવઠો ગેસ અને પેટ્રોલિયમ પ્રોડક્ટસનો છે.પણ તેની કોઈ ચોક્કસ માહિતી ઉદ્યોગકારોને મળતી નથી. સરકારે ખાસ એપ્લીકેશન બનાવવી જોઈએ. તેના પર પેટ્રોલિયમના સ્ટોક, ઉર્જાઓતની જાણકારી, ફોરેન રિઝર્વ, બેંકોની નાણાકિય સ્થિતિ, સરકારી પરિપત્રો સરળ ભાષામાં મૂકાવી જોઇએ.

સોશ્યલ મિડીયામાં આવી જાણકારીઓ ઘણી વખત અફવા ફેલાવનારી હોય છે. નાના સાહસિકો ઘણી વખત એ કારણથી ગેરમાર્ગે દોરાય છે. રાજ્ય સ્તરે પણ આવી માહિતીઓ એક જ પ્લેટફોર્મ પર મળી રહે તેવી વ્યવસ્થા સરકારે ગોઠવવી જોઈએ.







# અંકલેશ્વર નવજીવન ગ્રાઉન્ડ ખાતે હિન્દૂ ધર્મ સંમેલન યોજાઈ ગયું




તારીખ ૧ લી માર્ચના રોજ અંકલેશ્વર જીઆઈડીસીના નવજીવન ગ્રાઉન્ડ ખાતે હિન્દૂ ધર્મ સંમેલન આયોજક સમિતી કેશવનગર જીઆઇડીસી અંકલેશ્વર દ્વારા હિન્દૂ ધર્મ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં મોટી સંખ્યામાં એસ્ટેટમાં રહેતા લોકો ઉમટી પડ્યા હતા.

આ સંમેલનમાં હિન્દુઓની જાગૃતિ વિષે તેમજ બદલાતા જતા સમયમાં આવનાર પ્રશ્નોના સમયસર ઉકેલ માટે શું કરવું જોઈએ તે માટે જાગૃત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. ખાસ તો રાષ્ટ્રિય સ્વયં સેવક સંઘના ૧૦૦ માં વર્ષે પાંચ પરિવર્તનને પણ આવરી લેવાયા હતા.

જેમાં જૈન મુનિ સંભવચંદ્ર સાગર મહારાજે કહ્યું હતું કે આપણા ડ્રેસ બદલાઈ ગયા. આપણા પૂર્વજોનો પહેરવેશ આપણે ત્યજી દીધો. આપણી જમવાની પદ્ધતિ બદલાઈ ગઈ. પહેલા આપણે ઝાડના પાનમાં ખાતા હતા. પર્યાવરણ સાથે જોડાયેલા હતા. પછી માટીના વાસણોમાં ખાતા હતા. આપણે આપણી જમીન સાથે જોડાયેલા હતા. પછી સ્ટીલના વાસણો આવ્યા. તેને સાફ કરવા પડતા. સંબંધો પણ સાફ કરવા મંડ્યા. પછી પ્લાસ્ટિકના વાસણો આવ્યા. પછી કાચના વાસણો આવ્યા સહેજ ભૂલ થઇ કે તૂટી જાય. પછી થર્મોકોલના વાસણો આવ્યા, યુઝ એન્ડ થ્રો નો જમાનો આવ્યો. ગરજ પતિ કે સંબંધ તૂટી જવા મંડ્યા. આપણે આપણી સંસ્કૃતિ પ્રત્યે પાછા વળવાની જરૂર છે.

દરેકે પોતાના ઘરમાં એક શસ્ત્ર રાખવું જોઈએ, શસ્ત્ર અને શાસ્ત્ર બંને હોવા જોઈએ. શસ્ત્ર વાપરતા પણ શીખવું જોઈએ. પોતાના બાળકોને આરએસએસ ની શાખાઓમાં મોકલવા જોઈએ. જેથી તેનામાં દેશભક્તિના સંસ્કારોનું સિંચન થાય.

ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા અને જાગૃત કરતા અલગ અલગ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેને લોકોને ભાવુક બનાવવામાં સફળતા મેળવી હતી. અંકલેશ્વર એસ્ટેટમાં યોગ પ્રત્યેની જાગૃતિ વધી રહી છે. તેને વધારે જાગૃત કરવા માટે અને લોકો વધારેમાં વધારે તેમાં જોડાય તે અનુસંધાને યોગને લગતા બે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

વૃક્ષના મૂળમાં પાણી રેડીને તેને ઉછેરવાનું છે એટલે કે બાળકોમાં મોટેરાઓએ સંસ્કારનું સિંચન કરવાનું છે.

રામકુંડ આશ્રમના મહંત ગંગાદાસ બાપુએ પોતાના વ્યક્તવ્યમાં જણાવ્યું હતું કે જાતિના વાડા નાબૂદ કરવા પડશે, હિંદુએ ભાઈ ભાઈ થવું પડશે. જેટલા જલદી વાડા ભૂંસાશે, તેટલી ઝડપથી એકતા આવશે.

તેમણે બહેનોને ઠપકો આપ્યો હતો કે તેમને મંગળસૂત્ર, બંગડીઓ, અને સિંદૂર લગાડવાનું બંધ કરીને વિરુદ્ધ દિશામાં દોડી રહી છે. સાડી પહેરવાનું છોડીને જીન્સ પેન્ટ અને ટોપ પર આવી ગઈ છે. તેમને પોતાના મૂળ પહેરવેશ પર પાછા વળવા ભલામણ કરી હતી. સાધુ સંતોએ હજુ તેમનો પહેરવેશ નથી છોડ્યો.

આપણે ત્યાં પહેલી રોટી ગાય માટે બનાવવાની સંસ્કૃતિ છે. તેને જાળવી રાખવી જોઈએ. આપણા પુરાણોમાં શાસ્ત્રો અને શસ્ત્રો બંનેનો મહિમા છે. તેથી બંને રાખો. નાલંદા વિદ્યાલયમાં ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓ હતા અને ૧૦૦૦ આચાર્યો હતા. શાસ્ત્રોનું જ્ઞાન હતું પરંતુ શસ્ત્રો વગર તેમને જીવ ગુમાવવો પડ્યો. નાલંદા જ્ઞાનનો ભંડાર સળગાવી દેવામાં આવ્યો.

હું સુરત જતો હતો ત્યારે એક રીક્ષા પાછળ લખેલું હતું કે હોર્ન ધીરે વગાડો, હિન્દૂ સમાજ સુઈ રહ્યો છે. બહુ જ ગંભીર વાત છે. તેમને અમે બે અમારા બે અને હવે તો અમે બે અમારૂ એક થઇ ગયું છે એની ઉપર ચિંતા વ્યક્ત કરી હતી. આ માનસિકતા છોડવા અપીલ કરી હતી. તેને લઈને મામા-મામી, કાકા-કાકી, ફોઈ-ફુઆ જેવા અનેક સંબંધો વિલુપ્ત થઇ જશે. તેમને જણાવ્યું હતું કે વિવેકાનંદ તેમના માતાપિતાના નવમાં બાળક હતા. અનેક મહાપુરુષોનું પણ તેવું જ છે. તે વખતે પણ સૌનું ભરણપોષણ થતું હતું. આજે તો પૈસા છે. તો આ માનસિકતા છોડીને વધારે બાળકોને જન્મ આપવા અપીલ કરી હતી.

સંબંધોમાંથી લાગણી જતી રહી હોવાની ફરિયાદ કરી હતી. પહેલા ગામડામાં કોઈનો બળદ મૃત્યુ પામતો તો લોકો તેના ઘરે બેસવા જતા અને ચિંતા કરતા કે બળદ ના રહેતા હવે તે ખેતી કઈ રીતે કરશે. તેટલી લાગણી હતી. અત્યારે પાંચ માણસ ભેગા થાય તો પણ સૌ પોતપોતાના મોબાઈલમાં મશગુલ હોય છે.

બીજા અનેક સાધુ સંતોએ પોતાના વિચારો રજુ કાર્ય હતા. જેનો સાર બાળકોને સંસ્કારનું સિંચન સોસાયટીમાંથી જ થવું જોઈએ. સોસાયટીમાં રહેતા નિવૃત્ત લોકોએ બાળકોને શીખવવાની જવાબદારી ઉઠાવવી જોઈએ. તે પ્રમાણેનું વાતાવરણ ઉભું કરવું જોઈએ.


કુંભના મેળામાં ૬૬ કરોડ લોકોએ કોઈ પણ જાતના ભેદભાવ વગર એક થઈને સ્નાન કર્યું. જાતિ અને વર્ણના વાડા તોડવા રહ્યા. આપણે તે ઉખડતાં જોઈ રહ્યા છીએ.

બીજા લોકો આ હિન્દુ રાષ્ટ્ર છે તેવું મને છે તો આપણે કેમ નથી માનતા તેવો વેધક પ્રશ્ન પણ કરાયો હતો.

આ કાર્યક્રમમાં વિવિધ સંપ્રદાયના તેમજ વિવિધ આશ્રમના સાધુ સંતોએ ભાગ લઈ પોતાના વિચારો વ્યક્તવ્ય દ્વારા પ્રતુત કર્યા હતા.

# અંકલેશ્વર એરપોર્ટ ૨૦૨૮ વર્ષના અંત સુધીમાં કાર્યરત થશે


ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ વિધાનસભામાં અંકલેશ્વર નજીક માંડવા ખાતે તૈયાર થઇ રહેલ એરપોર્ટ ક્યારે કાર્યરત થશે ના ઉત્તરમાં ગુજરાત સરકારે જણાવ્યું હતું કે અંકલેશ્વર ખાતે પ્રસ્તાવિત એરપોર્ટ ૨૦૨૮ ના અંત સુધીમાં કાર્યરત થઈ જશે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં, ૮૨ હેક્ટર જમીન સંપાદનનો પ્રથમ તબક્કો ચાલુ હતો, અને રનવે, ટેક્સીવે અને અન્ય સુવિધાઓ માટે જમીનનું સમતળીકરણ ચાલુ હતું. નાગરિક ઉડ્યન વિભાગ વતી જવાબ આપતા, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે અંકલેશ્વર ખાતે નિર્માણાધીન એરપોર્ટ ૨૦૨૮ ના અંત સુધીમાં કાર્યરત થવાનું છે, લગભગ ૮૨ હેક્ટર જમીન પર કામનો પ્રથમ તબક્કો પૂર્ણ થઈ ગયો છે. આ તબક્કામાં ૨૨૦૦ મીટર રનવેનું બાંધકામ, ગ્રાઉન્ડ લેવલિંગ, એપ્રોન ડેવલપમેન્ટ, ટેક્સીવે બાંધકામ અને સર્વિસ રોડ સુવિધાઓ જેવા સંલગ્ન કાર્યોનો સમાવેશ થાય છે.













માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002